આકાશવાણી, અમદાવાદ

15-03-2026 Midday: 2.30 to 2.35 pm

SUNDAY Regional News

## MANSUKH MANDAVIYA JUNAGADH

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સાંસદ અને ધારાસભ્યના વિસ્તારને અપાતા અનુદાનનો સદઉપયોગ થાય તે ઘણું જરૂરી છે. જુનાગઢના બાંટવા ખાતે નવનિર્મિત નગરપાલિકા ભવન, બગીચા અને ઍમ્બ્યુલૅન્સ સેવાનું લોકાર્પણ કરતા શ્રી માંડવિયાએ આ વાત કહી. ઉપરાંત તેમણે માણાવદર અને કેશોદ વિધાનસભાના આઠ કરોડ 43 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

ત્યારબાદ શ્રી માંડવિયા ઘેડ વિસ્તારના ફૂલરામ-ઘેડ અને મેખડી સહિતના ગામની મુલાકાત પણ લીધી.

## CM PANCHMAHAL PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલના શહેરા ખાતે આયોજિત સમારોહમાં 732 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતા શ્રી પટેલે કહ્યું, અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારની કાયાપલટ થઈ છે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ દાહોદ જિલ્લામાં વિવિધ વિભાગના 367 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

## BANASKANTHA BUS STATION

વાહન વ્યવહાર રાજ્યમંત્રી પ્રવિણ માળીએ બનાસકાંઠાના પાલનપુર ખાતે બનેલા નવા ડૅપો વર્કશૉપનું લોકાર્પણ કર્યું. સાથે જ તેમણે ડીસા બસ મથકની આઠ કરોડ 81 લાખ રૂપિયાના ખર્ચે નવિનીકરણ કામગીરીનો પણ શુભારંભ કરાવ્યો હતો. આધુનિક બેઠક વ્યવસ્થા, વિશાળ પાર્કિંગ અને અદ્યતન પ્લેટફૉર્મથી સજ્જ આ મથક બનાવવાથી મુસાફરોને શ્રેષ્ઠ સુવિધાઓ મળી રહેશે.

## PANCHMAHAL SMART TICKET

પંચમહાલમાં ગોધરા એસ.ટી. વિભાગ હેઠળની 325 ઍક્સપ્રેસ બસમાં હવે કંડક્ટરો સ્માર્ટ ટિકિટ મશીનથી મુસાફરોને ટિકિટ આપશે. ઍન્ડ્રોઇડ આધારિત આ મશીન્સમાં ક્યૂ.આર. કૉડ સ્કૅન કરીને મુસાફરો ઑનલાઈન ઍપ્લિકેશનથી ભાડું આપી શકશે.

## ARAVALLI KHATMUHURT

અરવલ્લીમાં મોડાસા નગરપાલિકા વિસ્તારમાં સામૂદાયિક સભાખંડ સહિત દોઢ કરોડ રૂપિયાની કિંમતના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ શોભના બારૈયાએ વધુ માહિતી આપી.

## AMDAVAD LOK ADALAT

રાજ્યભરમાં આ વર્ષની પહેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં છ લાખ 67 હજાર જેટલા કેસ સમાધાન માટે મૂકાયા હતા. તે પૈકી પાંચ લાખ 77 હજાર જેટલા કેસનો નિવેડો આવ્યો. તેમજ અંદાજે ત્રણ હજાર 63 કોરડ રૂપિયાના ઍવૉર્ડ દોરવામાં આવ્યા. લોક અદાલતમાં 13 લાખ 98 હજાર પૂર્વ અને પૉસ્ટ-લિટિગૅશન કેસનો પણ નિકાલ કરાયો અને ત્રણ હજાર 209 કરોડ રૂપિયાના ઍવૉર્ડ પસાર કરાયા.

રાજ્યભરની અદાલતોમાં પડતર દાંપત્ય જીવનને લગતી ત્રણ હજાર 581 તકરારનો પણ લોક અદાલતથી અંત આવ્યો છે.

ગાંધીનગરમાં પણ યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં એક જ દિવસમાં 21 હજાર 801 કેસનો સુખદ નિકાલ કરાયો. આ ઉપરાંત મોટર અકસ્માત વળતર કેસમાં વારસદારોને એક કરોડ 20 લાખ રૂપિયાનું વળતર પણ ચૂકવવામાં આવ્યું હતું.

## TAPI ADIJATI MAHOTSAV

તાપીના સોનગઢમાં ગઈકાલથી બે દિવસના 31-મા આદિજાતિ મહોત્સવનો પ્રારંભ થયો. તેમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર અને રાજસ્થાનના કલાકારોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી દર્શકોનું મનોરંજન કર્યું હતું.

રાજ્યમાં વસતા વિવિધ આદિવાસી સમુદાયના લોકોએ આદિવાસી વાજિંત્ર સાથે રજૂ કરેલું નૃત્ય આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત યુવક સેવા અને સાંસ્કૃતિક રાજ્યમંત્રી ડૉક્ટર જયરામ ગામીતે કહ્યું હતું કે, આદિવાસી વારસો એ ગુજરાતની સાચી ઓળખ છે અને તેને વૈશ્વિક મંચ આપવા સરકાર કટિબદ્ધ છે.